# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

**************************************************

1. પશ્ચિમ બંગાળના લોકો માટે ખંડણી, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, ગેરકાયદેસર રોડ, ટોલ વસૂલાત અને ગેરકાયદેસર દારૂ સંબંધિત ફરિયાદો નોંધાવવા હેલ્પલાઇન નંબર શરૂ કરાયો

2. ચાર વર્ષથી ઓછી વયના બાળકો માટે ક્લોરફેનિરામાઇન મેલેટ અને ફેનાઇલફ્રાઇન હાઇડ્રોક્લોરાઇડ ધરાવતા તમામ ફિક્સ્ડ-ડોઝ સંયોજનોના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ

3. ઝારખંડમાં એક સિમેન્ટ અને સ્ટીલ પાવર પ્લાન્ટના ટર્બાઈનમાં થયેલા વિસ્ફોટમાં ત્રણ એન્જિનિયરોના મોત

4. બાળકોના ઓનલાઇન ગોપનીયતા સુરક્ષા કાયદાના ઉલ્લંઘન બદલ TikTok અને તેની ચીની પેરેન્ટ કંપની, ByteDance, 400 મિલિયન ડોલર ચૂકવવા સંમત

5. હોર્મુઝ સામુદ્રધુની હાલમાં અમેરિકાનો પ્રદેશ હોવાનો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો

6. ફિબા અંડર-18 એશિયા કપ બાસ્કેટબૉલ સ્પર્ધાની આજની પહેલી મેચમાં જાપાન સામે ફિલિપિન્સનો પરાજય

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# SHAH WB-HELPLINE NO

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, પશ્ચિમ બંગાળના લોકો ટોલ-ફ્રી હેલ્પલાઇન પર ખંડણી, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, ગેરકાયદેસર રોડ અને ટોલ વસૂલાત અને ગેરકાયદેસર દારૂ સંબંધિત ફરિયાદો નોંધાવી શકે છે.

શ્રી શાહે સિલિગુડીમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠકમાં હેલ્પલાઇનની વ્યવસ્થાઓની સમીક્ષા કરી. તેમણે કહ્યું કે, દરેક ફરિયાદ પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. ખંડણી સંબંધિત ફરિયાદો માટે 15 53 34, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે 15 53 35, ગેરકાયદેસર રોડ અને ટોલ વસૂલાત માટે 15 53 37 અને ગેરકાયદેસર દારૂ સંબંધિત ફરિયાદો માટે 15 53 39 પર સંપર્ક કરી શકાય છે.

શ્રી શાહે કહ્યું કે, પશ્ચિમ બંગાળના લોકો લાંબા સમયથી ખંડણી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓથી પરેશાન છે અને સરકાર આ વ્યવસ્થાને સમાપ્ત કરવા માટે કામ કરી રહી છે.

# SHAH DARJEELING MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પશ્ચિમ બંગાળના દાર્જિલિંગના સુકના ખાતે સહયોગી ગોરખા નેતાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી છે.

ગોરખા જનમુક્તિ મોરચાના પ્રમુખ બિમલ ગુરુંગના જણાવ્યા મુજબ, લાંબા સમયથી પડતર માંગણીના કાયમી રાજકીય ઉકેલના મુદ્દા પર બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

આજે, કેન્દ્રીય ગૃહમંત્રી ટોચના બીએસએફ, એસએસબી, આઈબી, પોલીસ અને અન્ય રાજ્ય અને કેન્દ્રના અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય સિલિગુડી કોરિડોર બેઠકની અધ્યક્ષતા કરશે.

આ બેઠકમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી, મુખ્ય સચિવ સહિત અન્ય મહાનુભાવો ધારાસભ્યો હાજર છે.

# INDIA-SOMALIYA

ભારતે સોમાલિયાના અધિકારીઓ સમક્ષ 22 ભારતીય ખલાસીઓને લઈ જતી બે વાણિજ્યિક જહાજોના અપહરણનો મુદ્દો ઉઠાવ્યો છે. ભારતીય હાઈ કમિશનના જણાવ્યા અનુસાર તમામ ભારતીય ખલાસીઓ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

ભારતે જણાવ્યું છે કે, તે તેના ખલાસીઓની સલામતીને સૌથી વધુ મહત્વ આપે છે. પહેલું જહાજ, MT સિબુ, 20 ઓગસ્ટના રોજ યમનના દરિયાકાંઠે એડેનના અખાતમાં અપહરણ કરવામાં આવ્યું હતું. તેમાં 16 ભારતીય ખલાસીઓ સહિત 20 લોકો સવાર હતા.

બીજા જહાજ, MV લુત્ફનું 17 ઓગસ્ટના રોજ સોમાલિયાના પન્ટલેન્ડ દરિયાકાંઠે અપહરણ કરવામાં આવ્યું હતું. તેમાં છ ભારતીય ખલાસીઓ સહિત 10 લોકો સવાર હતા.સાંભળીએ એક અહેવાલ

(VC: WN--SI-RANDHIR-JAISWAL-FINAL)

# EPFO-EEC CAMPAIGN

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ સંસ્થાઓને EPF કવરેજની બહારના કર્મચારીઓ માટે સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કર્મચારી નોંધણી ઝુંબેશ 2026નો ઉપયોગ કરવા અપીલ કરી છે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય નોકરીદાતાઓ દ્વારા સ્વૈચ્છિક પાલનને સરળ બનાવવા અને પાત્ર કામદારોને ભવિષ્ય નિધિ, પેન્શન અને વીમાના લાભો પહોંચાડવાનો છે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું હતું કે, EEC 2026 આ વર્ષે 31 ઓક્ટોબર સુધી નોંધણી માટે ખુલ્લું રહેશે. આ ઝુંબેશ હેઠળ, પાત્ર નોકરીદાતાઓ એવા કર્મચારીઓને જાહેર કરી શકે છે અને નોંધણી કરાવી શકે છે જેઓ નિર્ધારિત સમયગાળા દરમિયાન EPF કવરેજમાંથી બહાર રહ્યા હતા અને ઘોષણાની તારીખે સંસ્થામાં જીવંત અને રોજગારમાં કાર્યરત છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, નોકરીદાતાઓએ નિર્ધારિત ઓનલાઈન પદ્ધતિ દ્વારા નોંધણી અને રેમિટન્સ પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી છે. આ ઝુંબેશનો હેતુ પાત્ર કર્મચારીઓને વૈધાનિક સામાજિક સુરક્ષા માળખામાં લાવવા માટે એક માળખાગત પદ્ધતિ પ્રદાન કરીને સંસ્થાઓ અને કામદારોને લાભ આપવાનો છે.

# GOVT- FDC

સરકારે આજે ચાર વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ક્લોરફેનિરામાઇન મેલેટ અને ફેનાઇલફ્રાઇન હાઇડ્રોક્લોરાઇડ ધરાવતા તમામ ફિક્સ્ડ-ડોઝ સંયોજનોના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂક્યો છે.

આરોગ્ય મંત્રાલયે એક જાહેરનામું બહાર પાડ્યું છે જેમાં આ દવાઓ પર સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, તે ચાર વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ન આપવી જોઈએ. આ પગલું નાના બાળકોના સ્વાસ્થ્ય અને સલામતીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે. સરકારે ઉત્પાદકોને આ દવાઓના લેબલ, પેકેજ સૂચનાઓ અને પ્રમોશનલ સામગ્રી પર ચેતવણી સ્પષ્ટપણે લખવાનો નિર્દેશ આપ્યો છે.

નિષ્ણાત સમિતિ અને ડ્રગ્સ ટેકનિકલ સલાહકાર બોર્ડની ભલામણોને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# JHARKHAND-CLASHES

ઝારખંડમાં JPSC-JSSC ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓનો મુદ્દો વધુ વકર્યો છે. ગઈકાલે સાંજે રાંચી, ગિરિડીહ અને હજારીબાગમાં આંદોલનકારી વિદ્યાર્થી અને ઝારખંડ મુક્તિ મોરચાના સમર્થકો વચ્ચે અથડામણના અહેવાલો મળ્યા છે.

રાંચીમાં, મુખ્યમંત્રી હેમંત સોરેન સામે વિરોધ કરવા માટે વિદ્યાર્થીઓ આલ્બર્ટ એક્કા ચોક તરફ કૂચ કરી રહ્યા હતા, ત્યારે ઝપાઝપી થઈ હતી. વિદ્યાર્થી નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે, ઝારખંડ મુક્તિ મોરચા (JMM) ના સમર્થકો અને પોલીસે પ્રદર્શનકારીઓ સાથે મારામારી કરી હતી, જ્યારે પોલીસે કેટલાક પ્રદર્શનકારીઓ પર નિર્ધારિત માર્ગનું ઉલ્લંઘન કરવાનો અને ખલેલ પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAMGARH POWER PLANT-FIRE

ઝારખંડના રામગઢ જિલ્લાના બરકાકાના ઓપી વિસ્તાર હેઠળના હેહલમાં એક સિમેન્ટ અને સ્ટીલ પાવર પ્લાન્ટમાં ગઈકાલે રાત્રે ટર્બાઈનમાં થયેલા વિસ્ફોટ બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં ત્રણ એન્જિનિયરોના મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજા થઈ હતી.

પ્રાથમિક માહિતી અનુસાર પ્લાન્ટમાં વધુ પડતા તાપમાનને કારણે ટર્બાઈન વધુ ઝડપે ચાલ્યું હતું અને પરિણામે વિસ્ફોટ થયો હતો. પ્લાન્ટના કર્મચારીઓએ આરોપ લગાવ્યો છે કે, મેનેજમેન્ટને અગાઉ કંટ્રોલ રૂમમાં વધુ પડતા તાપમાન અને અપૂરતી ઠંડક વ્યવસ્થા વિશે જાણ કરવામાં આવી હતી, પરંતુ સમયસર કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

# YADADRI BHUVANAGIR-BLAST

તેલંગાણાના યાદદ્રી ભુવનગિરી જિલ્લાના પોચમ્પલ્લી મંડલમાં આવેલા ધોતીગુડેમની એક કંપનીમાં એક મોટો વિસ્ફોટ થયો હતો, જેમાં બે કામદારોના મોત થયા અને નવ અન્ય ઈજાગ્રસ્ત  થયા હતા. આ ઘટના ગઈકાલે મોડી રાત્રે બની હતી જ્યારે એક કેમિકલ રિએક્ટરમાં અચાનક વિસ્ફોટ બાદ સમગ્ર ઔદ્યોગિક એકમમાં ભીષણ આગ લાગી હતી.

નવ ઈજાગ્રસ્ત કામદારોને તાત્કાલિક સારવાર માટે હૈદરાબાદની ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું કે, બે કામદારોની સ્થિતિ ગંભીર છે. બનાવની તપાસ ચાલી રહી છે.

# US FINE TIKTOK

બાળકોના ઓનલાઇન ગોપનીયતા સુરક્ષા કાયદાના ઉલ્લંઘનમાં બાળકોના ડેટાના સંગ્રહ અંગે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસના મુકદ્દમાનો ઉકેલ લાવવા માટે TIKTOK અને તેની ચીની પેરેન્ટ કંપની, BYTEDANCE, 400 મિલિયન ડોલર ચૂકવવા સંમત થયા છે.

ન્યાય વિભાગે 2024માં ફેડરલ ટ્રેડ કમિશન વતી TIKTOK પર દાવો કર્યો હતો. મુકદ્દમામાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે TIKTOK એ 13 વર્ષથી ઓછી ઉંમરના લાખો બાળકોને તેમના માતાપિતાની સંમતિ વિના એકાઉન્ટ બનાવવાની મંજૂરી આપી હતી. વિભાગના જણાવ્યા અનુસાર, આનાથી માતાપિતા માટે TIKTOK ને તેમના બાળકોના એકાઉન્ટ્સ રદ કરવાનું કહેવું મુશ્કેલ બન્યું.

ઘણા વર્ષોથી, TIKTOK અને બેઇજિંગ સ્થિત BYTEDANCE ને યુએસમાં રાજકીય અને નિયમનકારી દબાણનો સામનો કરવો પડ્યો છે. રાષ્ટ્રીય સુરક્ષા અંગેની ચિંતાઓએ દેશમાં એપ્લિકેશનના ભવિષ્યને જોખમમાં મૂક્યું હતું.

# RURAL DEVELOPMENT- MEETING

ગ્રામીણ વિકાસ મંત્રાલયની સશક્ત સમિતિએ આજે નવી દિલ્હીમાં દીનદયાળ અંત્યોદય યોજના (રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન) ના બિન-ખેતી આજીવિકા ઘટક હેઠળ દરખાસ્તોની સમીક્ષા કરી.

આ બેઠકનો ઉદ્દેશ્ય મહિલાઓ દ્વારા સંચાલિત ગ્રામીણ ઉદ્યોગોને મજબૂત અને વિસ્તૃત કરવાનો અને સ્વ-સહાય જૂથોના નાના ઉદ્યોગોને વધારવા અને તેમને વિકાસલક્ષી વ્યવસાયોમાં રૂપાંતરિત કરવાનો માર્ગ મોકળો કરવાનો હતો.

ગ્રામીણ વિકાસ સચિવ રોહિત કંસલની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી. સમિતિએ બિહાર, જમ્મુ અને કાશ્મીર, ઉત્તર પ્રદેશ અને ગુજરાતના ચાર નવા ઇન્ક્યુબેટર પ્રસ્તાવો પર પણ વિચારણા કરી.

IIT પટના, IIM જમ્મુ, IIM લખનૌ અને IIT ગાંધીનગરને પ્રસ્તાવિત ઇન્ક્યુબેટર ભાગીદારો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# TRUMP - IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, હોર્મુઝ સામુદ્રધુની હાલમાં અમેરિકાનો પ્રદેશ છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે, ઈરાનને ક્યારેય પરમાણુ શસ્ત્રો વિકસાવવાની મંજૂરી આપવી જોઈએ નહીં.

દક્ષિણ કેરોલિનામાં શ્રી ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમેરિકાએ ઈરાનને પરમાણુ શસ્ત્રો મેળવવાથી અટકાવ્યું છે. તેમણે સંકેત આપ્યો હતો કે, ઈરાન અમેરિકા સાથે સોદો ઇચ્છે છે.

દરમિયાન, ઈરાનના નાયબ વિદેશમંત્રી કાઝેમ ગરીબાબાદીએ ટ્રમ્પના દાવાઓને ફગાવી દીધા છે. ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના વડા મોહસેન રેઝાઈએ પણ ટ્રમ્પની ટિપ્પણીઓની ટીકા કરી છે. તેમણે કહ્યું હતું કે, હોર્મુઝને ફરીથી ખોલવામાં અમેરિકાની અસમર્થતા અને વ્યૂહાત્મક જળમાર્ગને નિયંત્રિત કરવાના તેના દાવા વચ્ચે મોટો તફાવત છે.

ઈરાની અધિકારીઓએ કહ્યું હતું કે, જ્યાં સુધી અમેરિકા ઈરાનની માંગણીઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી હોર્મુઝ સામુદ્રધુની બંધ રહેશે. ઈરાનની માંગણીઓમાં નાકાબંધી હટાવવી, ઈરાનની જપ્ત કરેલી સંપત્તિઓ મુક્ત કરવી અને તેલ પ્રતિબંધો હળવા કરવાનો સમાવેશ થાય છે.

# FIBA BASKETBALL UPDATE

આંતરરાષ્ટ્રીય બાસ્કેટબૉલ મહામંડળ – ફિબા અંડર-18 એશિયા કપ બાસ્કેટબૉલ સ્પર્ધાની આજની પહેલી મેચમાં જાપાને ફિલિપિન્સને પરાજય આપ્યો. ગુજરાતના અમદાવાદમાં વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે રમાયેલી મેચમાં પહેલા ક્વાર્ટરમાં જાપાન અને બીજા ક્વાર્ટરમાં ફિલિપિન્સની ટીમ આગળ રહી હતી. જ્યારે ત્રીજા અને ચોથા ક્વાર્ટરમાં બંને ટીમ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી. મેચના અંતે જાપાનનો સ્કોર 80 અને ફિલિપિન્સનો સ્કોર 75 રહ્યો હતો.

તો, હમણાં 1.30 વાગ્યે ઇરાન અને ચાઈનીઝ તાઈપે વચ્ચે આજનો બીજો મુકાબલો રમાશે. જ્યારે 4.30 વાગ્યે ન્યૂઝિલૅન્ડ અને ચીન વચ્ચે અને સાંજે 7.30 વાગ્યે ઑસ્ટ્રેલિયા અને કોરિયા વચ્ચે મુકાબલો થશે.